RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 59* Date: 25.12.2020 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસ નેતાઓની અટકાયત કરાઇ

# રાહુલ ગાંધી સહિત ત્રણ નેતાઓએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી આવેદન આપ્યું



### કૃષિ કાયદાથી દેશને નુકસાન થશે, લોકતંત્ર સપનામાં ભલે હોય પરંતુ હકીકતમાં તે બિલકુલ નથી, ખેડૂતો સામે દુનિયાની કોઇ શક્તિ જીતી ન શકે

*ન્યુ દિલ્હી,તા.૨૪*

કેન્દ્ર દ્વારા લાવવામાં આવેલા ત્રણ નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો છેલ્લા ૨૯ દિવસથી દિલ્હીની સરહદો પર પ્રદર્શન કરી રહ્યા છે. ખેડૂત આંદોલનને લઈને કોંગ્રેસના રાહુલ ગાંધી સહિત ત્રણ નેતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને મળ્યા હતા. બીજી તરફ કોંગ્રેસને માર્ચ નીકાળવાની મંજૂરી મળી નહોતી, જેને લઈને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અન્ય કેટલાંક નેતાઓની અટકાયત કરવામાં આવી. જો કે પોલીસ દ્વારા થોડા સમય બાદ કોંગ્રેસના નેતાઓને છોડી દેવામાં આવ્યાં હતા. દિલ્હીમાં કોંગ્રેસની માર્ચ પહેલા પ્રિયંકા ગાંધીની અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓ વિજય ચોકથી રાષ્ટ્રપતિ ભવન માર્ચ યોજવાના હતા. જો કે આ અગાઉ કોંગ્રેસની આ માર્ચને પોલીસ દ્વારા મંજૂરી આપવામાં આવી નહોતી. આ બાદ કોંગ્રેસના ત્રણ નેતાઓને રાષ્ટ્રપતિ સાથે મુલાકાતની મંજૂરી મળી હતી. જેને લઈને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિત ગુલામ નબી આઝાદ, અધિર રંજને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરી હતી. જ્યાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બે કરોડ લોકોના હસ્તાક્ષર સહિત મેમોરેન્ડમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને સોંપ્યું હતું. કોંગ્રેસે રાષ્ટ્રપતિને ત્રણ નવા કૃષિ કાયદા પરત લેવાની માંગ કરી હતી.રાષ્ટ્રપતિને મળ્યા બાદ રાહુલ ગાંધીએ પત્રકારોને જણાવ્યું કે ભારતમાં લોકતંત્ર નથી બચ્યું. પાર્ટી નેતાઓની ધરપકડ અંગે તેઓએ કહ્યું કે લોકતંત્ર સપનામાં ભલે હોય પરંતુ હકીકતમાં તે બિલકુલ નથી.

કૃષિ કાયદાઓને લઈ વાયનાડના સાંસદે કહ્યું કે, ક્રોની કેપિટાલિસ્ટ્સ માટે વડાપ્રધાન મોદી નાણા બનાવી રહ્યા છે. જે પણ તેમની વિરુદ્ધ ઊભા રહેવાનો પ્રયાસ કરશે, તેઓ આતંકવાદી કહેવાશે. તે ભલે ખેડૂત હોય, શ્રમિક હોય કે મોહન ભાગવત હોય.

રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત બાદ કહ્યુ કે, રાષ્ટ્રપતિને અમે કહ્યુ કે આ જે કાયદા બનાવવામાં આવ્યા છે તે ખેડૂત વિરોધી છે અને તેમાં ખેડૂતો, મજૂરોને નુકસાન થવાનું છે. હું વડાપ્રધાનને કહેવા માંગુ છું કે ખેડૂત હટશે નહી, વડાપ્રધાને એમ ના વિચારવુ જોઈએ કે ખેડૂત, મજૂર ઘરે જતા રહેશે.રાહુલ ગાંધીએ કહ્યુ કે સરકાર સંસદનું સંયુક્ત સત્ર બોલાવે અને આ કાયદાને તુરંત પરત લે.



રાહુલ ગાંધીએ કહ્યુ કે, આજે ખેડૂત દુખી છે અને દર્દમાં છે, કેટલાક ખેડૂતોના મોત પણ થયા છે. રાહુલ ગાંધીએ કહ્યુ કે, ખેડૂતો સામે કોઈ શક્તિ ઉભી નથી થઈ શકતી, નવા કૃષિ કાયદાથી દેશને નુકસાન થશે. ખેડૂત કૃષિ કાયદા વિરૂદ્ધ ઉભા છે, તેમણે કાયદો પરત લેવો પડશે. સરકાર વિરૂદ્ધ બોલનારા લોકોને દેશદ્રોહી કહેવામાં આવે છે.

### દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૪,૭૧૨ કેસ, ૩૧૨નાં મોત

# ભારતમાં સતત ત્રીજા દિવસે કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૩ લાખની અંદર

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારતમાં હવે કોરોના વાયરસના કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. પરંતુ કોરોના વાયરસના નવા પ્રકાર સ્ટ્રેનના કારણે જરુરી સાવચેતીના પગલા ભરવામાં આવ્યા છે. આ સાથે ભારતમાં ૨૪,૦૦૦થી વધુ કેસ નોંધાતા કુલ કોરોના વાયરસના કેસનો આંકડો સવા કરોડની નજીક પહોંચી ગયો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના નવા આંકડા પ્રમાણે દેશમાં ગુરુવારે વધુ ૨૪,૭૧૨ કેસ નોંધાતા કુલ આંકડો ૧,૦૧,૨૩,૭૭૮ થઈ ગયો છે. જ્યારે સાજા થયેલા દર્દીઓની ટકાવારીમાં વધારા થયો છે, અત્યાર સુધીમાં ૯૬.૯૩ લાખ દર્દીઓ સાજા થઈ ગયા છે. સવારે ૮ સુધીમાં અપડેટ થયેલા ડેટા પ્રમાણે ૩૧૨ લોકોના મોત સાથે કુલ મૃત્યુઆંક ૧,૪૬,૭૫૬ થઈ ગયો છે.

ભારતમાં કોરોના વાયરસને હરાવી ચુકેલા દર્દીઓનો આંકડો ૯૬,૯૩,૭૭૩ થઈ ગયો છે, જેની સાથે રાષ્ટ્રીય રિકવરી રેટ ૯૫.૭૫% થઈ ગયો છે. જ્યારે ફર્ટિલિટી રેટ ૧.૪૫% પર પહોંચ્યો છે. સતત ત્રીજા દિવસે દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૩ લાખની નીચે રહ્યો છે. હાલ ભારતમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૨.૮૩,૮૪૯ છે, જે કુલ કેસના ૨.૮૦% થાય છે.

ભારતમાં ૭ ઓગસ્ટના રોજ કોરોના વાયરસના કેસ ૨૦ લાખને પાર ગયા હતા, જે પછી ૨૩ ઓગસ્ટે આંકડો ૩૦ લાખ થયો હતો, ૫ સપ્ટેમ્બરે કેસ ૪૦ લાખ થયા હતા, જ્યારે ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ થયા હતા, આ પછી ૨૮ સપ્ટેમ્બરે કેસ ૬૦ થયા હતા, ૧૧ ઓક્ટોબરે કેસ ૭૦ લાખ થયા હતા, ૨૯ ઓક્ટોબરે આંકડો ૮૦ લાખને પાર ગયો હતો, ૨૦ નવેમ્બરે કેસ ૨૦ લાખને પાર થયા હતા. જ્યારે ૧૯ ડિસેમ્બરે ભારતમાં કોરોના વાયરસના કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો.

આઈસીએમઆરના આંકડા પ્રમાણે ભારતમાં ૧૦,૩૯,૬૪૫ સેમ્પલ લઈને કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જ્યારે ૨૩ ડિસેમ્બર સુધીમાં કુલ ૧૬,૫૩,૦૮,૩૬૬ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

### વિશ્વભારતી યુનિ.ના શતાબ્દી સમારોહને વડાપ્રધાને સંબોધિત કર્યું

# વિશ્વ ભારતી માટે ગુરુદેવનું વિઝન આત્મનિર્ભર ભારતનો પણ સાર: મોદી



ન્યુ દિલ્હી,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો-કોન્ફરન્સ દ્વારા પશ્ચિમ બંગાળમાં વિશ્વભારતી યુનિવર્સિટીના શતાબ્દી સમારોહને સંબોધન કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે વિશ્વભારતી માટે ગુરુદેવ ટાગોરનું વિઝન આત્મનિર્ભર ભારતનો પણ સાર છે.

મોદીએ કહ્યું હતું- આ સંસ્થાને જે લોકોએ આ ઊંચાઈ પર પહોંચાડી છે તે તમામ લોકોને હું આદરપૂર્વક નમન કરું છું. આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ દ્વારા આજે ભારત પર્યાવરણીય સંરક્ષણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ભારત એકમાત્ર એવો દેશ છે, જે પેરિસ એકોર્ડ હેઠળ યોગ્ય માર્ગ પર આગળ વધી રહ્યો છે.

સ્વતંત્રતા આંદોલનનો પાયો ઘણા સમય પહેલાં નાખવામાં આવ્યો હતો. આઝાદીના આંદોલન પહેલાંથી ચાલતાં અનેક આંદોલનોથી ઊર્જા મળી. ભક્તિયુગમાં ભારતના દરેક ક્ષેત્રમાં સંતો, મહંતોએ દેશની ચેતના માટે અવિરત પ્રયાસ કર્યા.

### વિશ્વ ભારતીના ૧૦૦ વર્ષ પૂરા થવા તે દરેક ભારતીય માટે ગૌરવની વાત છે, ટાગોરના ચિંતન અને પરિશ્રમનો એક સાકાર અવતાર છે

વેદથી વિવેકાનંદ સુધી ભારતના ચિંતનનો પ્રવાહ ગુરુદેવના રાષ્ટ્રવાદના ચિંતનમાં પણ મોખરે હતો અને આ પ્રવાહ અંતર્મુખી નહોતો, એ ભારતને વિશ્વના અન્ય દેશોથી અલગ બનાવતો ન હતો. તેમનું વિઝન એ હતું કે ભારતમાં જે સર્વશ્રેષ્ઠ છે તેનો વિશ્વને ફાયદો થવો જોઈએ અને વિશ્વમાં જે સારું છે ભારત એમાંથી પણ શીખે.

તમારી યુનિવર્સિટીનું નામ જ જુઓ- વિશ્વભારતી. મા ભારતી અને વિશ્વ સાથે સંકલન. વિશ્વભારતી માટે ગુરુદેવનું વિઝન એ આત્મનિર્ભર ભારતનો પણ સાર છે. આત્મનિર્ભર ભારત અભિયાન એ વિશ્વકલ્યાણ માટે ભારતના કલ્યાણનો માર્ગ પણ છે. આ અભિયાન ભારતના સશક્તીકરણની ઝુંબેશ છે, ભારતની સમૃદ્ધિથી વિશ્વમાં સમૃદ્ધિ લાવવાનું અભિયાન છે.

# પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ-લેફ્ટ સાથે ચૂંટણી લડશે

*કોલકાત્તા,તા.૨૪*

આવતા વર્ષે થનારા પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસ અને લેફ્ટ એક સાથે ચૂંટણી લડશે. કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને પશ્ચિમ બંગાળ યૂનિટના અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ ગુરૂવારના આ વાતની જાહેરાત કરી. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, 'આજે કૉંગ્રેસ હાઈકમાન્ડે પશ્ચિમ બંગાળની વિધાનસભામાં લેફ્ટ પાર્ટીઓની સાથે ચૂંટણી ગઠબંધનને ઔપચારિક રીતે મંજૂરી આપી દીધી છે.'

બંગાળમાં ૨૦૨૧ વિધાનસભા ચૂંટણીને લઈને ગત દિવસોમાં પશ્ચિમ બંગાળ કૉંગ્રેસ અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ કહ્યું હતુ કે બંગાળમાં મમતા બેનર્જી અને બીજેપી બંનેને રોકવા માટે લેફ્ટ અને કૉંગ્રેસમાં ગઠબંધન થવું જ જોઈએ. આવામાં ગુરૂવારના કૉંગ્રેસ હાઈકમાન્ડે લેફ્ટ પાર્ટીઓની સાથે ચૂંટણી ગઠબંધનને ઔપચારિક મંજૂરી આપી દીધી છે.

ઉલ્લેખનીય છે કે અધીર રંજન ચૌધરી જ પાર્ટીના અધ્યક્ષ હતા, જ્યારે વર્ષ ૨૦૧૬માં લેફ્ટ અને કૉંગ્રેસે એક સાથે મળીને વિધાનસભા ચૂંટણી લડી હતી. જો કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ઘણા પ્રયત્નો છતા બંને દળોની વચ્ચે ગઠબંધન નહોતુ થઈ શક્યું. ઉલ્લેખનીય છે કે અધીર રંજન ચૌધરીએ બુધવારના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર સખ્ત પ્રહારો કર્યા હતા. અધીર રંજને કહ્યું હતુ કે, જે બીજેપીને બંગાળમાં કોઈ ઓળખતુ પણ નહોતુ, મમતા ખુદ ૧૯૯૯માં તેને બંગાળ લઈને આવી અને ગઠબંધન કર્યું. તેમણે કહ્યું કે મમતા ખુદ પોતાના કર્મોની સજા ભોગવી રહી છે. સિયાલદહના રામલીલા મેદાનમાં કૉંગ્રેસની એક સભાને સંબોધિત કરતા અધીરે રાજયમાં ભાજપના મજબૂત થવા માટે સ્પષ્ટ રીતે મમતાને જવાબદાર ગણાવી અને કહ્યું કે તેમણે જનતાની માફી માંગવી જોઈએ.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૯૯૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૩૯૧૯૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૮**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૮૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૨૪૦૯૨**

# ડીઆરડીઓએ સેના માટે બનાવી મીડિયમ રેન્જ સરફેસ ટૂ એર મિસાઈલ



ચાંદીપુર,તા.૨૪

ભારતએ ઓરિસ્સાના ચાંદીપુરમાં આવેલ ઇંટીગ્રેટેડ ટેસ્ટ રેન્જમાં પહેલી વખત મધ્યમ અંતરથી સપાટી પરથી હવામાં માર કરનાર મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું. આ મિસાઈલને આંતરરાષ્ટ્રીય સ્તર એમઆરએસએએમથી ઓળખાય છે. ભારતના આ પરીક્ષણથી દુશ્મન દેશોની સ્થિતિ ખરાબ થઈ રહી છે. કારણ એ છે કે આ મિસાઈલ અને તેની ટેકનોલોજી ઇઝરાયલથી લાવવામાં આવી છે.

ભારતીય સેના માટે બનાવામાં આવેલ આ એમઆરએસએએમ મિસાઈલને ભારતના ડીઆરડીઓ અને ઇઝરાયલના આઈએઆઈએ મળીને બનાવી છે. એમઆરએસએએમ આર્મી વેપન સિસ્ટમમાં કમાન્ડ પોસ્ટ, મલ્ટી ફંકશન રડાર, મોબાઈલ લોન્ચર સિસ્ટમ હોય છે. આ ઇઝરાયલની ખતરનાક મિસાઈલ બરાક-૮ પર આધારિત છે.એમઆરએસએએમનું વજન અંદાજે ૨૭૫ કિલોગ્રામ હોય છે. લંબાઈ ૪.૫ મીટર અને વ્યાસ ૦.૪૫ મીટર હોય છે. આ મિસાઈલ પર ૬૦ કિલોગ્રામ વોરહેડ એટલે કે હથિયાર લોડ કરી શકે છે. આ બે સ્ટેજની મિસાઈલ છે, જે લોન્ચ થયા બાદ ધુમાડો ઓછો છોડે છે.

એક વખત લોન્ચ થયા બાદ એમઆરએસએએમ આકાશમાં સીધી ૧૬ કિલોમીટર સુધી ટાર્ગેટને ઠાર કરી શકે છે. આમ તો તેની રેન્જ અડધા કિલોમીટરથી લઈ ૧૦૦ કિલોમીટર સુધી છે. એટલે કે આ રેન્જમાં આવનારા દુશ્મન યાન, વિમાન, ડ્રોન કે મિસાઈલને નેસ્તાનાબુદ કરી શકે છે. એમઆરએસએએમ મિસાઈલમાં નવી વાત રેડિયો ફ્રિકવન્સી સીકર એટલે કે આ દુશ્મનનું યાન. જો ચકમો આપવા માટે માત્ર રેડિયોનો ઉપયોગ કરી રહ્યું છે તો પણ તેને તોડી પાડી શકશે. તેની ગતિ ૬૮૦ મીટર પ્રતિ સેકન્ડ એટલે કે ૨૪૪૮ કિલોમીટર એક કલાકની છે. તેની ગતિ પણ તેને ખૂબ જ ઘાતક બનાવે છે. ભારતે ઇઝરાયલથી એમઆરએસએએમ મિસાઈલના પાંચ રેજીમેન્ટ ખરીદવાની વાત કરી છે. તેમાં ૪૦ લોન્ચર્સ અને ૨૦૦ મિસાઈલ આવશે. આ ડીલની કિંમત અંદાજે ૧૭૦૦૦ કરોડ રૂપિયા છે. આ મિસાઈલોની તૈનાતીથી ભારતને વાયુ સુરક્ષા કવચ બનાવામાં મદદ મળશે. આશા છે કે ૨૦૨૩ની સાલમાં તેની તૈનાતી કરી દેવાશે.

## તંત્રી સ્થાનેથી...

### કોરોના કરતા પણ વધુ ઘાતક હવા પ્રદૂષણઃ માનવજાત સાથે જીડીપીને પણ ફટકારૂપ....."

દેશભરમાં હાલના સમયમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા અને મૃત્યુ સંખ્યાને લઇને ચર્ચાઓ ચાલી રહી છે તે સાથે કોરોનાને નાથવા શોધાયેલ રસી અંગે આમ પ્રજામાં મોટી વિટંબણા છે....! કારણ કે રસી સામાન્ય લોકોથી આપવાની શરૂઆત થઈ છે... પરંતુ દેશના રાજનેતાઓ કે નેતાઓથી રસી આપવાની શરૂઆત કેમ કરવામાં આવતી નથી....? જ્યારે કે વિશ્વના કેટલાક દેશોમાં નેતાઓ ખુદ કોરોના રસી લઈને આમ પ્રજાને રસી લેવા પ્રોત્સાહિત કરી રહ્યા છે. તેવી સવાલી ચર્ચાઓ આમ પ્રજામા ઉઠવા પામી છે... પરંતુ આમ પ્રજામાં કે સરકારમાં હવા પ્રદૂષણને કારણે વધુ મોત થાય છે અને અર્થતંત્રને કરોડો રૂપિયાનું નુકસાન કરે છે તે બાબતે કોઈ ચર્ચા થતી નથી.....! જે ગંભીર અને દુઃખદ બાબત છે. કારણ કોરોના કરતા હવા પ્રદૂષણ વધુ પ્રમાણમાં ઘાતક છે. આ બાબત લેન્સેટ પ્લેટનેટરી હેલ્થ દ્વારા જાહેર થયેલા રિપોર્ટમાં બહાર આવી છે. અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૯ માં ૧૭ લાખ લોકોના મોત થયા હતા અને અર્થવ્યવસ્થાને ૨ લાખ ૬૦ હજાર કરોડનું માતબર નુકસાન પ્રદુષણને કારણે થયું હતુ.એલ પી એચ ના અહેવાલમાં દર્શાવ્યા અનુસાર ભારતમાં પ્રદૂષિત થવા ને કારણે વર્ષ ૨૦૧૭ કરતા વર્ષ ૨૦૧૯ માં અનેક ગણાં વધુ લોકો મોતના મુખમાં ધકેલાઈ ગયા હતા. વર્ષ ૨૦૧૯ માં દેશમાં પ્રદૂષણને કારણે ૧૬.૭૦ લાખ લોકોના મૃત્યુ થયા હતા. જ્યારે કે વર્ષ ૨૦૧૭ મા ૧૨.૪૦ લાખ લોકો ના પ્રદુષણ થી મોત થયા હતા.....

દેશમાં એલપીએચ એ કરેલા અભ્યાસ અનુસંધાને દર્શાવ્યું છે કે હવા પ્રદુષણને કારણે શ્વસનતંત્રમાં ઇન્ફેક્શનની બીમારીઓ, ફેફસાનું કેન્સર, ડાયાબિટીઝ, મોતિયા બિંદુ,એટેક, & નિયોનેટલ ડિસઓર્ડર જેવી બીમારીઓ વધુ પ્રમાણમાં થઈ હતી.... અને તે કારણે ૨૦૧૯ માં ભારતને મોટો આર્થિક ઝટકો લાગેલ....જીડીપીમાં ૧.૩૬ ટકાનો ઘટાડો જોવા મળેલ. વાયુ પ્રદૂષણથી થયેલા મોત અને બીમારીઓથી અગાઉના વર્ષમાં ૧૭ લાખ મોત વાયુ પ્રદૂષણને કારણે થયા હતા. ઘરેલુ પ્રદૂષણમાં ઘટાડો નોંધાયો છે પરંતુ ૧૯૯૦ થી ૨૦૧૯ દરમિયાન બહારના વાયુ પ્રદૂષણને કારણે મૃત્યુ દરમાં ૧૧૫ ટકાનો વધારો નોંધાયો છે.અહેવાલ અનુસાર વાયુ પ્રદૂષણથી થનારા મોત અને બીમારીઓને કારણે વિવિધ ઉત્પાદનોમાં ઘટાડો થયો છે. તે કારણે જીડીપીને પણ નુકસાન થયું છે.... તેમાં પણ વાયુ પ્રદૂષણને કારણે ભારતના ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યોમાં ઉત્તરપ્રદેશ અને બિહારમાં વધુ નુકશાન થવા પામ્યું છે. બન્ને રાજ્યમા મળીને કુલ ૪.૨ ટકા નુકસાન થયું છે. અહેવાલમા દર્શાવેલ છે કે ભારતે વાયુ પ્રદૂષણ ઘટાડવા અનેક પ્રયાસો કર્યા છે. દેશના રાજ્યો વિશેષ સ્થિતિને આધારે વાયુ પ્રદુષણ નિયંત્રિત કરી શકે છે. જ્યારે કે આઈસીએમઆર ના ડાયરેક્ટર જનરલ પ્રોફેસરે ટિપ્પણી કરી હતી કે હવા પ્રદુષણના કારણે વધુ રોગોમાં ૪૦ ટકા ફેફસાના રોગો થયા છે. બાકી ૬૦ ટકાના હૃદય રોગ,એટેક,ડાયાબિટીઝ તેમજ અકાળે જન્મતાજ નવજાત મૃત્યુ છે. જે બતાવે છે કે હવાના પ્રદૂષણની માનવજાત ઉપર મોટી અસર પડે છે..... ત્યારે લોકોએ, તથા સરકારી તંત્રએ હવા પ્રદૂષણ ન થાય તે માટે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે......!!

## કોરોનાના નવા સ્ટ્રેનની સામે અમારી રસી સંપૂર્ણ કારગરઃ મોડર્ના કંપનીનો દાવો

*વૉશિંગ્ટન,તા.૨૪*

કોરોના વાયરસનું જોખમ સતત વધી રહ્યું છે. બ્રિટનમાં મળી આવેલા કોરોનાના નવા સ્ટ્રેન બાદ વિશ્વવ્યાપી ગભરાટ વધી ગયો છે. આ નવા સ્ટ્રેન અંગે સમગ્ર વિશ્વમાં ભય છે અને લોકોના મનમાં ઘણા પ્રશ્નો છે. આ દરમિયાન રસી બનાવતી અમેરિકન કંપની મોડર્નાએ કહ્યું છે કે તેની રસી બ્રિટનમાં મળતા કોરોના વાયરસના નવા સ્ટ્રેન સામે સંપૂર્ણપણે અસરકારક છે.

ઉલ્લેખનીય છે કે મોડર્ના સહિતની ઘણી ફાર્માસ્યુટિકલ કંપનીઓએ કોરોનાની રસી બનાવી છે, જે અમેરિકાના લોકોને પણ આપવામાં આવી રહી છે. આ દરમિયાન, બ્રિટનમાં વાયરસના નવા સ્ટ્રેનનો ભય વધ્યો છે અને લોકોના મનમાં અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે કે આ સ્ટ્રેન કેટલો જોખમી છે. તેની સામે રસી અસરકારક છે કે નહીં?

એક નિવેદનમાં, મોડર્ના કંપનીએ કહ્યું કે તે કોઈપણ સ્ટ્રેન સામે તેની રસીના પ્રભાવની પુષ્ટિ કરવા માટે પરીક્ષણ કરવાની યોજના બનાવી રહી છે. કંપનીએ કહ્યું છે કે તેને આશા છે કે તેની રસી, જેને તાજેતરમાં યુ.એસ.માં કટોકટીના ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી છે તે બ્રિટનમાં મળેલા કોરોના વાયરસના નવા સ્ટ્રેન સામે પણ રક્ષણાત્મક રહેશે. યુએસ સ્થિત કંપનીએ કહ્યું કે તે આગામી સપ્તાહમાં પોતાની અપેક્ષાની પુષ્ટિ કરવા માટે રસીનું વધારાનું ટેસ્ટિંગ કરશે.

મોડર્નાનું નિવેદન એવા સમયે આવ્યું છે જયારે બ્રિટીશ સરકાર કોરોના વાયરસના નવા સ્ટ્રેનને કારણે કડક પ્રતિબંધો લાગુ કરવાની યોજના બનાવી રહી છે. ફાઈઝરની જેમ, મોડર્નાની રસી પણ ખૂબ ઓછા તાપમાને સંગ્રહિત કરવી પડશે. આ રસી ૯૪ ટકા સુધી અસરકારક હોવાનું જણાયું છે. બીજી બાજુ, જે સમયે વિશ્વ કોરોના વાયરસ સામે રસી બનાવવામાં વ્યસ્ત છે, ત્યારે જ યુકેમાં કોરોનાના નવા સ્ટ્રેને ચિંતા વધારી દીધી છે.



નવી દિલ્હીમાં સાન્તાક્લોઝના પોશાક પહેરેલા સ્વયંસેવક COVID-૧૯ જાગૃતિ ડ્રાઇવ દરમિયાન ચહેરાના માસ્કનું વિતરણ કરે છે.

## ભારત-રિશાય વચ્ચે યોજાનારી વાર્ષિક બેઠક ૨૦ વર્ષમાં પ્રથમવાર રદ

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારત અને રશિયા વચ્ચેના સંબંધોમાં પહેલા જેવી હૂંફ હવે નથી રહ્યા, આવી વાતો છેલ્લા કેટલાય વર્ષોથી કહેવામાં આવી રહી છે. બુધવારે અચાનક સમાચાર આવ્યા કે બંને દેશો વચ્ચે યોજાનારી વાર્ષિક બેઠક રદ કરી દેવામાં આવી છે. ત્યાર બાદથી જ અનેક અટકળો શરૂ થઇ ગઈ હતી. પુતિન મેં ૨૦૦૦માં રશિયાના રાષ્ટ્રપતિ બન્યા અને ત્યારથી ભારત-રશિયા વચ્ચે દરવર્ષે બેઠક થાય છે. આ પહેલી વાર એવું થઈ રહ્યું છે કે આ વાર્ષિક બેઠક ટાળવામાં આવી છે. ઘણા લોકો કોરોના મહામારીનો તર્ક આપતા કહી રહ્યા છે કે આ બેઠક વર્ચ્યુઅલ પણ કરી શકાતી હતી. આ લોકો બંને દેશોના તર્ક સાથે સહમત નથી. તાજેતરના દિવસોમાં પીએમ મોદી અનેક વર્ચ્યુઅલ આંતરરાષ્ટ્રીય સમિટમાં સામેલ થયા છે.

વાર્ષિક બેઠક ટળવા પર ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે પણ નિવેદન જાહેર કરી સ્પષ્ટતા કરી કહ્યું કે, વાર્ષિક બેઠક રદ કરવાનો નિર્ણય પરસ્પર સહમતીથી લેવામાં આવ્યો છે. તેને લઈને કોઈ પણ પ્રકારની અટકળ ભ્રમિત કરનારી છે અને પાયાવિહોણી છે. બંને દેશોના સંબધો અત્યંત મહત્વના છે અને તેને લઈને કોઈ પણ પ્રકારના ખોટા સમાચાર ફેલાવવા એક બેજવાબદારી ભર્યું વલણ ગણી શકાય.

## પીડીપી નેતા મહેબૂબા મુફ્તિએ ભાજપ નેતાઓને કાયર ગણાવ્યા

શ્રીનગર,તા.૨૪

જમ્મુ કશ્મીરની ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને પીડીપીની નેતા મહેબૂબા મુફ્તીએ કેન્દ્રના શાસક પક્ષ ભાજપના નેતાઓને કાયર ગણાવ્યા હતા. ૨૦૧૯ના ઑગષ્ટની પાંચમીથી સતત નજરકેદમાં રહેલાં મહેબૂબાએ એક વિડિયો ક્લીપ રિલિઝ કરી હતી.

આ વિડિયો કલીપમાં મહેબૂબાએ ભાજપના નેતાઓને કાયર ગણાવ્યા હતા અને કહ્યું હતું કે તમે જુઓ કે આ કાયરો એક મહિલા પર કેવા અત્યાચાર કરી રહ્યા હતા.

જમ્મુ કશ્મીરની ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલમાં ભાજપ કરતાં ગુપકાર જૂથને વધુ બેઠકો મળતાં મહેબૂબા મૂડમાં આવી ગયાં હતાં અને ભાજપ પર મન મૂકીને વરસ્યાં હતાં. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતાઓએ ૩૭૦મી કલમ રદ કરી તેથી જમ્મુ કશ્મીરના લોકો ખુશ નથી એ હકીકત ડીડીસીની ચૂંટણીનાં પરિણામોએ દેખાડી આપ્યું છે.

તેમણે એવો દાવો કર્યો હતો કે ગુપકાર જૂથ રાજ્યમાં ૩૭૦મી કલમ પાછી લાવીને જ જંપશે.

### રાજપીપળા ખાતે દેડીયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવાની આગેવાનીમાં

## ઈકો સેન્સેટીવ ઝોનના કાયદાનો વિરોધકરવા આદિવાસીઓની વિશાળ રેલી, કલેકટરને આવેદન આપ્યું

રાજપીપળા,તાર૪

સ્ટેચયુ ઓફ યુનિટી નજીકના શુલપાણેશ્વર અભ્યારણ્ય વિસ્તારની ફરતે ઈકો સેન્સેટીવ ઝોન નિર્ધારિત કરવામાંઆવેલ છે. જેમાં નર્મદા જિલ્લાના નાંદોદ, ગરુડેશ્વર, દેડીયાપાડા અને સાગબારાના કુલ ૧૨૧ ગામોની સમાવેશ કરવામાં આવી રહયો છે. આવનારા સમયમાં આદિવાસીઓને વિસ્થાપીત કરવાના ઈરાદા સાથે ૧૨.૮અમા બીજા હકમાં નોંધ કરી છે જેના વિરોધમાં આજે રાજપીપળા ખાતે દેડીયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવાની આગેવાનીમાં બેલીસ્તાન ટાઇગર સેના બીટીએસ) દ્વારા મોટી સંખ્યામાં આદિવાસીઓએ વિશાળ રેલી કાઢી આજે રાજપીપળાખાતે કલેકટર કચેરીએ પહોચી કલેકટરને આવેદન આપ્યુ હતુ. અને કચેરી પ્રાંગણમાં સરકારના આ કાયદા વિરુધમા આદિવાસીઓ પર નો કાળો કાયદો દૂર કરો, ઈકો સેન્સેટીવ ઝોન દૂર કરો. ઈકો સેન્સેટીવ ઝોનના નામે આદિવાસીઓની જમીનો હડપવાનું બંધ કરો.સ્ટેચ્યના નામે આદિવાસીઓને વિસ્થાપીત બંધ કરોના નારા સાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ ! કરી વિરોધ પ્રદર્શન કર્યુ હતુ.

આપ્રસંગે દેડીયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવાએ જણાવ્યુ હતુ કે સરકારે નર્મદા ડેમના નામે અને સ્ટેચ્યના નામે હોટેલો, રીસોટ અને કોરીડોરના નામે સ્થાનીક આદિવાસીઓની જમીનો છીનવવાનુ કામ કર્યું છે, નર્મદાના ૧૨૧ ગામોને ઈકો સેનટીસીવ ઝોનમાં સમાવી રહયા છે આ ગામડાઓને વિકાસના નામે ત્યાની જે જમીનોને ઈકો સેનટીસીવના નામેબીજા નંબરની એન્ટ્રી પાડવામાં આવી રહી છે. આ ૧૦૦ટકા આદિવાસી ગામડાઓ છે તેમની જમીનો બેદખલ કરી છીનવી લઇને બહારથી આવેલા ઉધ્યોગપતિઓને જમીનો આપવાની વાત કરે છે. એના નામે માતા આદિવાસીઓને વિસ્થાપીત કરવા માંગે છે તેનો અમે વિરોધ કરીએ છીએ.

આ સરકાર આદિવાસીઓની રંજાડે છે. આદિવાસીઓ માટે ઈકો સેન્સીટીવ ઝોનના નામે કાળા કાયદો બનાવ્યો છે એ કાયદાને અમે કદી સ્વીકારવાના નથી. જો આ કાયદો રદ નહી કરે તો દેશના ૧૨ કરોડ આદિવાસી સમાજ આંદોલન કરશે. એક ધારાસભ્ય તરીકે આ વિસ્તરના લોકોને જાગૃત કરવા અને જલદ આંદોલનકરવા અમારી તૈયારી છે.

આ પ્રસંગે ભાજપા કોગ્રેસના આગેવાનોને પણ આડે હાથે લેતા મહેશ વસાવા એ જણાવ્યું હતું કે અમે સરકારની વિરોધમા છે. મનસુખ ભાઈ આદિવાસી નેતા છે તેમણે પણ આદિવાસી સમાજ માટે આગળ આવવુ પડશે. આટલા ગામડાઓ વિસ્થાપીત થાય છે ત્યારે





એમણે આદિવાસીઓ સાથે ભેગા થવુ પડશે, અને પોતે મનસુખભાઇ ભેગા નહી થાય તો સમાજ તેમને ઘરભેગા કરી દેશે એમ જણાવી ભાજપ કોંગ્રેસના નેતાઓને પણ આ પ્રશ્ન આગળ આવવા ધારાસભ્ય મહેશ વસાવાએ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે બીટીએસ આગેવાન બહાદુર વસાવાએ જણાવ્યુ હતુ કે એ જમીનના માલીકો આપણે છીએ ત્યારે સરકાર આપણી જમીનોમાં એન્ટ્રી પાડી આપણી જમીનો છીનવી લેવા માંગે છે, કેવડીયા અને ગરુડેશ્વરમાં એન્ટીઓ કરી દીધી છે. એ માટે તંત્ર ૨૮મીથી ૬ તારીખ સુધી મામસભા બોલાવશે . અનેઠરાવ કરશે ત્યારે આદિવાસીઓ આ મામસભાનો વિરોધ કરશે અને સામસભાનો બહીષ્કાર કરશે. એવો સમૂહમાં આદિવાસીઓએ સામૂહીક સંકલ્પ કરી સંમતી દાખવી હતી અને જરૂર પડે આપણે રૂઢીગત સામસભા બોલવશુ અને ૧૨૧ ગામડા જાય છે તેનો વિરોધ કરી આપણો ઠરાવ કરીશું અને રાજયપાલને મોકલી આપશુ.

ઈકો સેન્સેટીવ ઝોનમાં આવેલ ગામોમા ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી અહીના ગામોમા રહેણાક આવસો, હોટલ,રીસોર્ટ, નાના ઉધ્યોગો, ખેતીવાડી કુવા બોર, નવા ઘર બાંધકામ ,જેસીબી અને ટ્રેકટર દ્વારા ખેતર લેવલીંગ વીજ કનેકશન, તાર ફેન્સીંગ, મામ્ય વિસ્તારોમાં વાહનોની અવરજવર. પશુ ચારણ. કુદરતી જળાશયો નીઓમા પ્રવેશ, જૈવિક, સંપતિ, વનપેદાશ, જલાઇ લાકડા જેવી પ્રવૃતિ ઓ પર મોનીગટર કમિટિ ની મંજૂરીથી કરી શકાશે. જેનાથી શીડયુલ વિસ્તારમાં બંધારણીય જોગવાઇ અનુસુચી ૫ અને પેસા એકની ઉલ્લઘન થાય છે.જેથી કેન્દ્ર સરકારના નિર્ણય ને રદ કરવા મા આવે એવી માંગ કરી હતી. આ કાયદો રદ નહી કરાય તોઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી હતી.

તસવીરઃ જયોતિ જગતાપરાજપીપળા

## બગદાદમાં અમેરિકાના દૂતાવાસ પર રોકેટ હુમલો

વોશિંગ્ટન,તા.૨૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાકની રાજધાની બગદાદમાં અમેરિકના દૂતાવાસ પર કરાયેલા રોકેટ હુમલા માટે ઈરાનને જવાબદાર ઠેરવ્યું છે. આ સાથે જ ઈરાનને ધમકી આપી છે કે જો આ હુમલામાં કોઈ અમેરિકન નાગરિકનું મોત થયું છે તો લશ્કરી કાર્યવાહી દ્વારા જવાબ આપવામાં આવશે. ટ્રમ્પે અમેરિકાના દૂતાવાસ પર છોડાયેલા રોકેટની તસવીર ટ્વીટ કરીને કહ્યું કે, આ રોકેટ ઈરાનથી આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરીને કહ્યું કે રવિવારે બગદાદમાં અમારા દૂતાવાસ પર કેટલાક રોકેટ છોડવામાં આવ્યા હતા. ત્રણ રોકેટ છોડી શકાયા નહતા. અંદાજ લગાવો આ રોકેટ ક્યાંથી આવ્યા હતાઃ ઈરાન. અમને એવી વાત મળી છે કે ઈરાકમાં અમેરિકાના નાગરિકો પર વધુ હુમલાઓ થઈ શકે છે. ઈરાનને હું મિત્ર તરીકે એક સલાહ આપીશ. જો એકપણ અમેરિકન નાગરિકનું હુમલામાં મોત થયું તો ઈરાનને જવાબદાર ઠેરવવામાં આવશે અને હું આ વાતને ગંભીરતાથી લઈ રહ્યો છું.

ઈરાકની સેનાએ જણાવ્યું હતું કે રવિવારે અત્યંત સુરક્ષિત ગણાતા ગ્રીન ઝોન વિસ્તારમાં આવેલા અમેરિકન દૂતાવાસ પર અનેક રોકેટ છોડવામાં આવ્યા હતા. આ રોકેટ હુમલાથી તણાવ વધવાની આશંકા પ્રબળ બની છે. ઈરાકને મતે એક પ્રતિબંધિત સંગઠને ગ્રીન ઝોનમાં આઠ રોકેટ છોડ્યા હતા. આ હુમલામાં એક ઈરાકી સૈનિક ઘાયલ થયો અને કેટલીક ઈમારોતને નુકસાન પહોંચ્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ કાર્યાલય વ્હાઈટ હાઉસ ચિંતિત છે કે ઈરાન સમર્થિત સૈનિક ઈરાકમાં ૩ જાન્યુઆરીએ ઈરાની જનરલ કાસિમ સુલેમાનીની હત્યાની વરસીએ હુમલો કરી શકે છે. ઈરાનના જનરલ સુલેમાનીનું ઈરાકમાં એક અમેરિકન હવાઈ હુમલામાં મોત થયું હતું. તાજેતરના રોકેટ હુમલા પછી અમેરિકાના કાર્યકારી રક્ષામંત્રી, વિદેશ મંત્રી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે બુધવારે એક બેઠક યોજી હતી.

## દિલ્હીમાં ૫૧ લાખ લોકોની કોરોના વેક્સિનની યાદી તૈયારઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી,તા.૨૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે અમે ફ્રન્ટ લાઇન વર્કર્સ અને આરોગ્ય કર્મચારીઓ સહિત ૫૧ લાખ લોકોની યાદી તૈયાર કરી લીધી છે, જેમને પહેલા તબક્કામાં કોરોના વેક્સિન આપવામાં આવશે. તેમણે ગુરુવારે કહ્યું કે સરકારે પણ વેક્સિનને રિસીવ કરવા, સ્ટોર કરવા અને પ્રયોરોટી કેટેગરીના લોકોને વેક્સિનેશન માટેની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે.

તેમણે કહ્યું કે દિલ્હીમાં પ્રથમ તબક્કામાં વેક્સિનેશન માટે એક કરોડ બે લાખ વેક્સિનની જરૂર રહેશે, કેમ કે વેક્સિનના બે ડોઝ આપવા પડશે. જો કે અમારી પાસે ૭૪ લાખ ડોઝને સ્ટોર કરવાની વ્યવસ્થા છે, જેને અમે આગામી એક સપ્તાહમાં વધારીને ૧.૧૫ કરોડ કરવા જઇ રહ્યા છીએ.

## સીપીઓના વાયદાઓમાં ૪૨,૭૩૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૩,૩૬૦ ટનના સ્તરેઃ ભાવમાં સુધારો

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૬૦,૪૦૬ સોદામાં રૂ.૧૦,૦૨૫૫.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે નરમાઈ હતી, જ્યારે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઢીલાં હતાં. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ)ના વાયદાઓમાં ૪૨,૭૩૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૩,૩૬૦ ટનના સ્તરે રહ્યો હતો. સીપીઓના વાયદાના ભાવમાં સુધારાનો સંચાર થયો હતો. મેન્થા તેલમાં વૃદ્ધિ સામે કપાસનો વાયદો રૂ.૧૦.૫૦ ડાઊન રહ્યો હતો. કોટનનો વાયદો જળવાયેલો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૯૪૬૬ સોદાઓમાં રૂ.૫૦૮૫.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૧૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૧૮૬ અને નીચામાં રૂ.૪૯૯૪૩ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૩ ઘટીને રૂ.૫૦૦૨૬ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૮ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૯૨૨ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૬૫ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૪ ઘટીને બંધમાં રૂ.૪૯૭૮૫ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૭૭૦૧ ખૂલી, ઊપરમાં રૂ.૬૭૯૦૦ અને નીચામાં રૂ.૬૭૩૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૪ ઘટીને રૂ.૬૭૫૪૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૧૩ ઘટીને રૂ.૬૭૫૩૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોઈ ફેરફાર વગર રૂ.૬૭૫૩૯ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૩૮૭૭૩ સોદાઓમાં રૂ.૧૬૬૪.૪૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૫૬૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૯૦ અને નીચામાં રૂ.૩૫૧૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૨ ઘટીને રૂ.૩૫૨૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૬૮૫ સોદાઓમાં કુલ રૂ.૪૯૦.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૨૦૩૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૪૩૦ અને નીચામાં રૂ.૨૦૩૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ.૨૦૩૪૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૬૫.૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૩.૩ વધીને બંધમાં રૂ.૯૫૯.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૯૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૦૦ અને નીચામાં રૂ.૯૯૦.૧ રહી, અંતે રૂ.૯૯૭.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૮.૫ અને નીચામાં રૂ.૧૧૮૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦.૫૦ ઘટીને રૂ.૧૧૮૭.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૦૧૧૫ સોદાઓમાં કુલ રૂ.૨૩૫૧.૬૦ કરોડ ની કીમતનાં ૪૬૯૮.૩૨૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૯૩૫૧ સોદાઓમાં કુલ રૂ.૨૭૩૪.૨૫ કરોડ ની કીમતનાં ૪૦૪.૪૬૬ ટન, ક્રૂડ તેલમાં ૬૧૭૬ સોદાઓમાં રૂ.૩૭૩.૫૨ કરોડનાં ૧૦૫૧૩૦૦ બેરલ્સ, કોટનમાં ૭૧૩ સોદાઓમાં રૂ.૬૬ કરોડનાં ૩૨૧૫૦ ગાંસડી, સીપીઓમાં ૨૮૨૮ સોદાઓમાં રૂ.૪૧૧.૨૯ કરોડનાં ૪૨૭૩૦ ટન, મેન્થા તેલમાં ૧૦૨ સોદાઓમાં રૂ.૧૧.૯૪ કરોડનાં ૧૧૮.૮ ટન, કપાસમાં ૪૨ સોદાઓમાં રૂ.૧.૦૫ કરોડનાં ૧૭૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૭૪૦.૧૯૧ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૫૨.૧૧૮ ટન, ક્રૂડ તેલમાં ૧૬૪૭ બેરલ્સ, કોટનમાં ૧૧૨૯૫૦ ગાંસડી, સીપીઓમાં ૧૦૩૩૬૦ ટન, મેન્થા તેલમાં ૧૩૮.૨૪ ટન અને કપાસમાં ૪૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૬૫ અને નીચામાં રૂ.૧૩૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૩.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮૧.૫ ખૂલી, ઊપરમાં રૂ.૭૪૮ અને નીચામાં રૂ.૬૧૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૮૩.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૨૬૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૩૮.૫ અને નીચામાં રૂ.૨૬૫૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૩૯.૫ બંધ રહ્યો હતો, જયારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૩૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૩૧ અને નીચામાં રૂ.૩૯૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૭૯.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૩૬.૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૦ અને નીચામાં રૂ.૧૧૯.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૩.૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૩૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૪૯.૪ અને નીચામાં રૂ.૧૧૭.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૫.૯ બંધ રહ્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો એ " એકરાર,સ્વપ્ન સંસાર,સ્વપ્ન જેવા સંબંધ " વિષય અંતર્ગત લખેલી " ગદ્ય " રચના

--------------------------------------------

NOG SS NO:0031

વિષય:એકરાર

વિભાગ:ગદ્ય

પ્રકાર: ટૂંકી વાર્તા

શીર્ષક: અમૂલ્ય ભેટ

અમિત અને અવનીના લગ્નની તે દસમી વર્ષગાંઠ હતી.આમ જોઇએ તો તેઓની પાસે ગાડી,બંગલો પૈસાની સારી આવક , સમાજમાં સારૂં નામ બધું જ હતું.પણ બધાને બધું સુખ નથી મળતું કંઇક તો ઉણપ હોય જ છે.તેમ આ દંપતીને પણ બધું હોવા છતાં સંતાન સુખ નહોતું.

અમિતે લગ્નની વર્ષગાંઠ?ના દિવસે સવારમાં જ અવનીને કહ્યું કે સાંભળ આજે મારે તારી જોડે એક વાત કરવી છે.અવનીએ કહ્યું કે "હાં બોલને જે કહેવું? હોય તે કહે નેં આ દસ વર્ષમાં? ક્યારેય પણ તારી કોઇ વાત ના સાંભળી હોય તેવું બન્યું છે?" આ સાંભળી અમિતે કહ્યું કે " પણ આ વાત થોડી ગંભીર છે માટે અહીં મારી પાસે બેસીને સાંભળ." અવની અમિતની પાસે બેસી બોલી " કહે એવી તો કંઇ ગંભીર વાત છે?"

અને અમિતે કહેવાનું શરૂ કર્યું "જો અવુ આપણે બીજી કોઈ વાતે દુ:ખી નથી.હસતાં રમતાં આપણા લગ્ન જીવનના? દસ વર્ષ ક્યારે પૂરાં થઇ ગયા તે પણ ખબર ના પડી, ભગવાને આપણને બધું આપ્યું છે પણ સંતાન પ્રાપ્તિ?નું સુખ ન આપ્યું જેનો વિષાદ તને અંદરખાને છે એ હું જાણું છું.એ માટે આપણે ગયા વર્ષેડોક્ટર પાસે પણ ગયેલા ત્યારે તારો રિપોર્ટ તો નોમેલ આવેલો પણ મારા રિપોર્ટમાં આવેલું કે હું જ પિતા બનવા અસમર્થ છું.પણ આ જાણી તું ક્યાંક મને છોડી જતી રહીશ તો? એ ડરથી મેં તને ખોટું કહેલ કે આપણા બંનેના રિપોર્ટ નોમેલ છે.પરંતુ ઘણા મહિના વિચાર કયો પછી આજે મેં તને સાચી વાત કહેવાનું નક્કી કર્યું.આ વાત જાણી તું ચાહે તો મને ડિવોર્સ આપી શકે છે.તારો જે ફેંસલો હોય તે મને સાંજે જણાવજે."આમ કહી તે ઓફિસ જવા નીકળી ગયો.

અવની પણ આખો દિવસ અમિતને શું કહેવું તેના વિચારોમાં ખોવાયેલી રહી.સાંજે અમિત આવ્યો ત્યારે તેણે રાબેતા મુજબ ચા નાસ્તો આપ્યા અને એની સામે બેસી કહ્યું કે " અમિત મારે પણ મારા ભૂતકાળની એક વાત તને કહેવી છે.હું જ્યારે કોલેજમાં હતી ત્યારે સાથે ભણતા એક યુવાન સાથે હું પ્રેમમાં પડેલી તેણે મને તે મારી સાથે જ લગ્ન કરશે કહી કેટલાય સપના બતાવ્યા.

હું પણ તેની વાતોમાં આવી જઇ એક દિવસ મર્યાદા ઓળંગી બેઠી.બીજા મહિને જ મને એવું લાગ્યું કે મારામાં બીજો જીવ પાંગરવા લાગ્યો છે.મે બીજા દિવસે જ પેલા યુવકને વાત કરી કે મારા પેટમાં એનું બાળક છે આ સાંભળતા? જ તેણે કહ્યું કે તારે જે કરવું હોય તે કર આ મોજમજા કરવાની ઉંમરમાં હું કોઇ જવાબદારી? લેવા નથી માંગતો અને આ રીતે તો મારી ઘણી ગલેફ્રેન્ડ છે હું કંઈ બધી જોડે લગ્ન થોડી જ કરવાનો અને તારી પાસે આ બાળક મારૂં છે એનો કોઈ પુરાવો તો છે નહીં.આ સાંભળી હું તો કાપો તો લોહી ના નીકળે તેવી પરિસ્થિતિમાં આવી ગઇ.આખરે ઘરે જઇ મેં મમ્મી-પપ્પાને બધી વાત કરી.મમ્મી-પપ્પા પણ કંઇ કરવા અસમર્થ હતા.આખરે એ મને એબોર્શન માટે એક ડોક્ટર પાસે લઇ ગયા પરંતુ મારી તબિયત નાજુક હોવાથી જો એબોર્શન કરે તો મારી જાનનું જોખમ હતું અને મમ્મી-પપ્પાને હું એક જ સંતાન હોવાથી તે મને ખોવા નહોતા માંગતા.

આખરે સમાજના ડરે શહેર છોડીને અમે બાજુના ગામમાં રહેવા જતાં રહ્યાં.નવમો મહિનો બેસતા જ મને દુ:ખાવો ઉપડ્યો એ ગામના આરોગ્ય કેન્દ્રમાં જે નર્સ હતા તેણે મારી ડિલેવરી કરાવી મેં એક દીકરીને જન્મ આપેલ.રાત પડતાં જ મારા પપ્પા એને કારમાં લઇને શહેરમાં આવ્યા અને આપણે અવારનવાર બાળકોને જ્યાં ભેંટ આપવા જઇએ છીએ તે 'કલરવ' અનાથ આશ્રમમાં? તેને મૂકી આવ્યા. ત્યાં જે બાર વર્ષની? પીંકી છે તે મારી જ દિકરી છે.પરંતુ સમાજના ડરે મારે તેને છોડવી પડી.

હવે તું મારો ભૂતકાળ જાણ્યા પછી મને ડિવોર્સ આપી શકે છે અને તું આપીશ જ એની મને ખાતરી છે કેમકે કોઇ પણ પતિ પોતાની પત્નીનો આવો ભૂતકાળ ન સહન કરે."

એ પૂરી રાત અમિત અને અવનીની આંખોમાંથી નિંદર ઉડી ગઇ અને વિચારોમાં જ ખોવાયેલા રહ્યા સવાર થતાં જ અમિતે અવનીને ફટાફટ તૈયાર થઇ પોતાની સાથે આવવા કહ્યું, અવનીને ખાતરી હતી કે અમિત એને પોતાની સાથે વકીલ પાસે જ લઇ જશે ડિવોર્સના પેપર માટે એટલે અવની પણ ચૂપચાપ તૈયાર થઇ અમિત સાથે કારમાં બેસી ગઇ અને વિચારોમાં ખોવાઈ ગઇ.અચાનક કારને બ્રેક લાગતા તેની તંદ્રા તૂટી અને તેણે જોયું તો તેઓ 'કલરવ' અનાથાશ્રમની બહાર હતા.અમિતે તેને ખૂબ પ્રેમથી કારમાંથી ઉતારી અને આશ્રમમાં લઇ ગયો અને આશ્રમનાં સંચાલિકા પાસે જઇ પીંકીને કાયદેસર પોતે દત્તક લેવા ઇચ્છે છે તે જણાવ્યું અને જલ્દીથી કાનૂની કાર્યવાહી કરવા કહ્યું.

આ સાંભળતા જ અવનીની આંખોમાં હર્ષાશ્રુ છલકાઈ ગયા.

અવનીને પોતાના? ભૂતકાળના કરેલા એકરારની અમૂલ્ય ભેટ મળી

મેઘલ ઉપાધ્યાય'મેઘુ'રાજકોટ

--------------------------------------------

NOG SS No / 0044

વિભાગ:- ગદ્ય

વિષય :- એકરાર, સ્વપ્ન સંસાર, સ્વપ્ન જેવો સંબંધ.

શીર્ષક:- સાચુકલો સંબંધ.

નિખિલ અને મીતા એકજ કોલેજમાં ભણે.બંને સારા મિત્રો,ચેસ ચેમ્પિયન.ચેસની પ્રેક્ટિસ સાથે જ કરે. શતરંજના પ્યાદા ચલાવી, રાજાને બચાવવાની ચાલ ગોઠવતા ગોઠવતા બંને ક્યારે એકમેકની જિંદગીમાં ગોઠવાવા માંડ્યા તે ખ્યાલ જ ન રહ્યો. બંને એકબીજાને મનોમન પ્રેમ કરવા લાગ્યા.બેમાંથી કોઈને પ્રેમનો એકરાર કરવાનું સુઝ્યું નહીં.

છૂટા પડ્યા પછી બંનેને એકમેકના વિચાર આવે.સાથે જીવવાના સપનામાં રાચે. નિદ્રાધીન થાય ત્યારે સ્વપ્નમાં જ સંસાર ચાલુ થઈ જાય.સંસાર ભોગવી રહ્યા હોય એવા મધુર સ્વપ્નમાં ખોવાઈ જાય..

બીજે દિવસે મળે ત્યારે રાતના જોયેલ સપનાનો કોઈ ઉલ્લેખ નહીં.જાણે કંઈ જ બન્યું નથી એમ મિત્રો બની રહે.એમ કરતા ગ્રેજ્યુએશન પૂરું કરી,નિખિલે એ.સીએ કરવા નિરમા કોલેજમાં અને મીતાએ એમ.બીએ.કરવા પી.ડી.પી.યુ., ગાંધીનગર માં એડમિશન લીધું.બંનેનુ ભણતર અલગ દિશામાં,અલગ કોલેજમાં એટલે દિવસ દરમ્યાન મળતા નહીં, પરંતુ રહેવાનું ગાંધીનગર એક જ સોસાયટીમાં એટલે મળવાનું તો થાય જ.હજુ સુધી કોઈને પ્રેમનો એકરાર કરવાનું સુઝ્યું નહીં.

એક દિવસ મીતાએ , નિખિલને રીવરફ્રન્ટ પર મળવા બોલાવ્યો અને કહ્યું," મારા લગ્નની વાત ચાલે છે" સાંભળતાં જ નિખિલનુ મોં ઝંખવાઈ ગયું, મીતાને કહે," એક વાત કહું? મને રોજ એવું સ્વપ્ન આવે કે આપણો સંસાર ચાલુ થયો" સાંભળતાં જ ઉત્સાહ માં તાળી પાડી મીતાએ કહ્યું,"લે? ત્યારે કેવો જોગાનુજોગ! મને પણ આવું જ સ્વપ્ન આવે છે."

સાંભળતાં જ નિખિલ બોલી ઉઠ્યો," તો પછી આ સ્વપ્ન જેવા સંબંધને સાચુકલો જ બનાવી દઈએ.ચાલ,અંહી થી સીધા જ તારા ઘરે તારા પપ્પાને મળવા." બંને જણાએ મીતાના માવતરને વાત કરતાં લીલી ઝંડી મળી ગઈ.

મીતાના પપ્પાએ બીજે દિવસે નિખિલના માવતરને મળવાનું જણાવ્યું.બધાં મળ્યા. નિખિલના માવતરે પણ મીતાને પુત્રવધૂ તરીકે સ્વીકારતા સૌ રાજી થયા.

પ્રેમનો એકરાર કરવાની પહેલ ન કરી પરંતુ સ્વપ્નમાં સંસાર શરૂ થતો જોઈ સ્વપ્ન સંબંધને વાસ્તવિક સંબંધ બનાવી બંને હીંચકે ઝૂલતા ઝૂલતા સ્વપ્ન સંસારને યાદ કરી મલકી રહ્યા.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

--------------------------------------------

NOG SS NO - 0080

સાહિત્ય સરિતા - ૧

વિષય - સ્વપ્ન સંસાર ( ગદ્ય )

શીર્ષક - સપ્તરંગ

"ચાલો, સુભાષ બ્રિજ .... " બોલતા બોલતા બસસ્ટોપ આવ્યું એટલે કંડક્ટર સીટી બસ ઊભી રાખી. બસચાલકની બેઠક બાજુના દરવાજેથી પેસેન્જર ઉતરવા લાગ્યાં, છેલ્લે એક પગે ખોડંગાતી એક આધેડ વયની સ્ત્રી ધીમે ધીમે ઊતરી. એ ઊતરી ગઈ પછી ચાલકે ટ્રાફિકમાં બસ આગળ ચલાવી ત્યારે એ ઉતરનાર સ્ત્રી તરફ નજર પડતાં જ એને થયું.

"આ તો અદ્દલ નીતા જેવી જ ! પૂરાં બાવીસ વરસ થયાં, એને જોયાને ! એ અહીં ક્યાંથી હોય?

નીતા અને નયન એક જ ફળિયામાં રહેતા. પોતાનાથી એક ધોરણ પાછળ ભણતી નીતાને પોતાના જ બધાં ય ચોપડા અડધી કિંમતે આપતો. નયન ભણવામાં હોશિયાર એટલે પરીક્ષા ઉપર ઘણીવાર નીતાને કાંઈક ન આવડતું હોય તો તરત જ એની મમ્મી બોલતા.

" મારી નીતુને જરાક નો આવડે ઈ હિખવાડજે હો બટા, તને ભગવાન જાજા મારક આપશે " શીખવાડયા પહેલાં આશીર્વાદ પણ અચૂક મળી જતાં. નીતુ ગણિતના પેપરમાં ખાસ આવતી, નયન એને દાખલા શીખવે એટલે તરત જ આવડી જાય, ને નીતુનું મોઢું ખુશીમાં ગુલાબ જેમ ખીલી ઊઠે! હું એનામાં ખોવાઈ જતો.

"નયન, આ ગણિતના અડધા માર્ક તારી મહેનતના " એમ કહી મીઠું સ્મિત આપે ત્યારે એનાં ગાલમાં પડતાં ખંજન પણ મને ડોલાવી દેતા. દસમાં ધોરણમાં મને સારા ટકા આવ્યા એટલે સાયન્સમાં આગળ ભણવા માટે હું શહેરમાં ગયો. રજામાં ઘરે આવું એટલે નીતા શીખવા માટે રાહ જ જોતી હોય ! એને પણ દસમીમાં સારું પરિણામ આવ્યું. પણ એને આગળ ભણાવવાની ન હતી. ભણતી ઉઠાડી લેવાની હતી, પણ શાળાના હેડમાસ્તરને ખબર પડી.એણે ઘરે નીતાના ઘરે આવી એનાં માબાપને સમજાવ્યા.

" દીકરી ભણવામાં હોશિયાર છે તો એને આગળ ભણાવો ને "

પણ, સા'બ હાહરીમાં જઈને ઈને રોટલા જ ટીપવાના સે,

" પણ, બે વરસ ભણાવો, "

હેડમાસ્તર સાહેબના કહેવાથી એને ગામની નિશાળમાં જ ભણવાનું શરૂ કરાવ્યું ,

"બાર ચોપડી તો અમારાં કટમમાં કોઈ નથ ભણ્યું હાં, એટલે ઇના બાપાની મરજી નથ કે નીતુ આગળ ભણે, બે વરહમાં તો ઈને સાસરે વળાવી દેવાની. " નીતુની મા ઘણીવાર આવો રાગ આલાપતી.

પછી તો એને હું ક્યારેક આંકડાશાસ્ત્ર ના દાખલા શીખડાવતો. એની બોલવાની મીઠાશ, ગાલના ખાડા જોતા હું એનાં પર મોહિત થઈ જોયા કરતો. એ શર્મીલી બની ત્યાંથી સરી જતી.

એની માના કહેવા પ્રમાણે સાચે જ બારમાં ધોરણમાં સરસ પરિણામ આવવા છતાં એની ભણતરની ગાડી અટકાવી દેવામાં આવી.

એમએસસી પછી મને શહેરમાં જ કમ્પનીમાં નોકરી મળી.બાની સાથે ફોનમાં વાત કરતો હોય ત્યારે ઘણીવાર એ ઘરે આવી હોય તો એના અવાજનો રણકાર સાંભળી હું પુલકિત થઈ ઉઠતો.

અમારું, અરસપરસનું ખેંચાણ ક્યારે આટલુ બધું તીવ્ર બની ગયું એ ખબર જ ન પડી ! પછી તો વાત શેરી, ચોરેચૌટે ફરતી થઈ ગઈ, નીતુનું ઘરની બહાર નીકળવું હરામ કરી દેવામાં આવ્યું.

દિવાળી ટાણે હું ઘરે આવ્યો. ચોરેથી નીકળતો હતો ત્યાં સટાક દઈને વાંસામાં એક ડંડો પડ્યો, હું પડતાં પડતાં રહી ગયો. સામસામા મારામારી થઈ ને પછી પોલીસ કેસ, આ બધા લફરામાં મારી નોકરી છૂટી ગઈ !

હું ભાગીને શહેરમાં આવી ગયો. જે તે ફરતી ફરતી નોકરી કરી લેતો. નીતાને એનાથી ડબલ ઉંમરના પુરુષ સાથે પરણાવી દેવામાં આવી.

" ચાલો, ગીતા ચોક, છેલ્લું સ્ટોપ, કન્ડકટર બોલ્યો,

એક સ્ત્રી ધીમા પગલે બસના આગળનાં ભાગમાંથી ઊતરી ગઈ. નયનના વિચાર વમળ પર પડદો પડી ગયો!

પછી તો નયન દરરોજ એ જ ચહેરો ગોતવા સતર્ક રહેવા લાગ્યો ! બસમાં ઉતરતા પેસેન્જર માં નીતાને ખોજતો...

ત્રણ ચાર દિવસ પછી ફરીથી એ જ સ્ત્રી બસમાં ચડી. ખૂબ ગીર્દી હોવાથી કન્ડકટરે એની પગની તકલીફને લઈને પોતાની સીટ પર બેસવાનું કહ્યું. એ જેવી બેસવા માટે આગળ આવી. તેવી એકબીજાની નજર મળતાં જ એ બોલી પડી, " તમે નયન? "

હા, તમે નીતા?

બન્ને અધીરા મનમાં અનેક પ્રશ્નો સાથે લાગણી ઉભરી આવી!

સ્ટોપ આવ્યું એટલે પેસેન્જરોની ચડ ઉતરમાં આ બન્નેએ મોબાઈલ નમ્બરની આપલે કરી લીધી.

ચાલો, સુભાષ બ્રિજ... "

નીતા, નયન સામે મળવાની અધીરાઈ ભરી નજરે ઊતરી ગઈ.

બન્ને જણાએ મળીને, મળીને બાવીસ, બાવીસ વરસની લાગણીના ઉભરા એકસાથે ઠાલવ્યા. નીતા પણ એકલી અટુલી, ને નયન પણ.. એકબીજાને પામવાના જીવનભરનાં સપનામાં રાચનારા બન્ને વાસ્તવિકતામાં ભળી ગયાં.

આકાશમાં ઘનઘોર વાદળા ઘેરાઈ ગયાં, ધોધમાર વરસાદ વરસી પડ્યો. અને નદી સમંદરમાં ભળી ગઈ!

સપ્તરંગી મેઘધનુષની આભા સમગ્ર વાતાવરણને ખુશનુમા બનાવી રહી.

વર્ષા જાની ભાવનગર

--------------------------------------------

NOG SS No : 0079

સાહિત્ય સરિતા

પ્રકાર: ગદ્ય લઘુકથા

શિર્ષક: ભૂલનો એકરાર

"હાશ, ખૂબ આનંદ થયો."

જે વાત મનમાં ઘોળાતી હતી તે હવે શાંત થઈ ગઈ. બે દિવસથી દિલને ચેન પડતું ન હતું.

ક્યારે સહુને આ વાત કહું અને મારા મનનો ભાર હલકો કરું . મન મર્કટ સમાન છે. એક ઠેકાણે બે સેકન્ડ પણ ટકતું નથી. રાતના અવિનાશ આવ્યા, તે મારી હાલત જોઈને બોલ્યા, 'કેમ આમ'?

હવે જે વાત માં એમને રસ ન હોય એને કહીને શું ફયદો ? ગમે તેમ ગલ્લાં તલ્લાં કરી વાતને વાળી લીધી. હજુ બે દિવસ રાહ જોવાની હતી. કાગડોળે ગુરુવારની રાહ જોઈ રહી. અવિનાશ પોતાને ધંધે જવા નીકળ્યા બાળકો શાળાએ જવા રવાના થયા. સવારનો નાસ્તો સાથે કરવાની આદત. ગુરુવારે મારે 'યોગ'ના વર્ગમાં જવાનું હોય તેથી ખાલી લિંબુ મધનું ગરમ પાણી પીને હું નિકળતી. એ દિવસે ખાસ બધાનો મનગમતો નાસ્તો બનાવી ગરમા ગરમ પિરસતી. સહુના મોઢા પર સંતોષની રેખા જોઈ આનંદ માણતી.

'યોગ' કરવાનો આ તો ફાયદો છે. ગયા ગુરૂવારે યોગના વર્ગમાં ગઈ તો મારા મોઢા પર નિરાશા હતી.

વર્ગમાં બધાની વચ્ચે કહ્યું, માનવામાં નહિ આવે મારી યોગ કરવાની 'મેટ' ગાડીમાંથી ચોરાઈ ગઈ' !

આ તો સારું થયું એક ઘાબળો ગાડીમાં હતો તે લઈને આવી. આવો અનુભવ મને પણ થયો હતો.

ખેર આજે જ્યારે વર્ગમાં ગઈ ત્યારે સહુ પ્રથમ વર્ગ ચાલુ થતાં પહેલાં , "મારે એકરાર કરવાનો છે " .

બધા ચમક્યા, સહુના મુખ પર વિસ્મય ફેલાયું. 'મારી યોગની મેટ ઘરમાંથી મળી'.! .

પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન.

--------------------------------------------

NOG SS No.0007

પ્રકાર : ગદ્ય (મા.ફી.)

શીર્ષક : એકરાર

આજે શ્યામલીના એકરારમાં કંપન નહોતું.શાંતિ હતી.પોલીસ સ્ટેશનમાં લેડીઝ કોન્સ્ટેબલની આંખમાં આંખ પરોવી એ પોતાનાં ગુનાનો એકરાર કરતાં બોલી,"આજથી બે વર્ષ પહેલાં જો એના પ્રેમનાં એકરારનો અસ્વીકાર કર્યો હોત તો આજે હું અહીં પોલીસ સ્ટેશનમાં તમારી સામે ન બેઠી હોત. કદાચ.......સમાજના કોઈ મોભ્ભાદાર ઘરની મોભાદાર વહુ, પત્ની,એક આદર્શ માતા હોત.અને લેડીઝ કોન્સ્ટેબલે શ્યામલીને હાથકડી પહેરાવી દીધી.શ્ર?

લેખિકા : આરતી મરચંટ

મુંબઈ : કાંદિવલી.

--------------------------------------------

NOG SS No /022

વિષય : એકરાર

વિભાગ : ગદ્ય

શિર્ષક : યાદ છે તને!

લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

પવન તે ફ્લેટમાં નવો જ રહેવા આવ્યો હતો. તે તૈયાર થઈ રહ્યો હતો ત્યાં જ તેના કાનમાં આ શબ્દો પડ્યા,"એય ડોશી, ઉઠતી કેમ નથી! મરી ગઈ કે શું?"

પવને પોતાનો દરવાજો ખોલીને બાજુના ફ્લેટના ખુલેલા દરવાજામાંથી અંદર નજર કરી. ગોરધનભાઈ હોલના પલંગમાં સૂતેલી પોતાની પત્ની ગંગાને ઢંઢોળતા આ શબ્દો કહી રહ્યા હતા.

પવન આગળ વધે તે પહેલાં ગંગાબેન સળવળ્યા એટલે પવનનો શ્વાસ હેઠો બેઠો.

ગંગાબેન ધીમેથી બેઠાં થયાં અને ગોરધનભાઈ તરફ જોઈને કહ્યું,"સવારે સવારે ડોશી ડોશી કહીને મારા કાન પકવી દીધા. મારે તમારી સાથે વાત નથી કરવી. મને છૂટાછેટા જોઈએ છે બસ!"

તેમના આ શબ્દો સાભળીને પવન ઉભો રહી ગયો. તેને આશ્ચર્ય થયું.

"હું આજે જ કોર્ટમાં જઈશ, એટલો મોટો દાવો કરીશ કે ઘર વેચવું પડશે." ગંગાબેને ધમકી આપી.

ગોરધનભાઈએ સામે પડકાર કર્યો,"જા જા, તારી સાથે રહેવા પણ કોણ માંગે છે. તું જઈશ તો તારા જેવી સત્તર આવશે."

પવને માંડ માંડ હસવું રોકી રાખ્યું અને તે ફ્લેટમાં અંદર આવતાં પૂછ્યું,"શું થયું દાદા-દાદી?'

"શું થાય દીકરા! આમણે મારી સાથે કરેલું છળકપટ મારી સામે આવી ગયું. આ જો સાબિતીઓ." એમ કહીને બે કાગળો પવન સામે ધર્યા અને આગળ કહ્યું,"કોર્ટમાં આ મૂકીશ એટલે તરત છુટાછેડા મળી જશે."

પવને તે કાગળો હાથમાં લીધા અને ખોલ્યા?. તે પ્રેમપત્રો હતા. કાગળોનો ઉડી ગયેલો રંગ બતાવતો હતો કે કાગળો બહુ જૂના હતા. એક ગોરધનભાઈએ લખેલો હતો જેમાં મારી વહાલીથી લઈને જુદાં જુદાં સંબોધનો હતાં, ગોરધનભાઈની લખવાની શૈલી સરસ હતી. બીજો કાગળ કોઈ સ્ત્રીએ લખેલો હતો જેમાં તેણે હકારમાં જવાબ આપ્યો હતો.

"દીકરા, હવે તું આમને પૂછ કે આ કાગળ કઈ છમ્મકછલ્લોને લખ્યો હતો?"

ગોરધનભાઈ માથું ખંજવાળતા રહ્યા પણ કંઈ યાદ ન આવ્યું એટલે કહ્યું,"યાદ નથી, હશે કોઈ મારી ચાહવાવાળી."

પાછળથી અવાજ આવ્યો,"બતાવો જોઈએ મને." તે અવાજ માનસીનો હતો.

માનસીને જોઈને પવનનું હૃદય થંભી ગયું. તેણે તે પ્રેમપત્રો માનસી સામે ધર્યા. માનસીએ કાગળ નીરખ્યા અને ગંગાબેન તરફ જોઈને કહ્યું,"શું બા તમે પણ! આ કાગળો તો તમે એકબીજાને લખેલા હતા, એટલે જ બંને કાગળો તમારી પાસે છે."

ગંગાબેન સમજી ગયા હોય તેમ પોતાનો અવાજ ધીમો પાડતાં બોલ્યા,"તો ઠીક! બાકી બીજી કોઈને લખ્યા હોત તો!"

ગોરધનભાઈએ પોતાના કપાળ ઉપર હાથ મારતાં કહ્યું,"હા, યાદ આવ્યું. ચાલીમાં તમે રહેવા આવ્યા અને તને પહેલીવાર જોઈ હતી, તેના પછી તને આ કાગળ લખ્યો હતો. તારી હા આવ્યા બાદ પિતાને કહીને તારા ઘરે માગું મોકલાવ્યું હતું. બધાને લાગ્યું ગોઠવેલાં લગ્ન પણ ખરેખર તો પ્રેમલગ્ન હતાં. યાદ છે તને!"

"સારું સારું, છોકરાઓ સામે મને શરમાવો નહીં."

બધાં હસી પડ્યાં. પવન ફ્લેટની અંદર જતાં ગોરધનભાઈએ પત્રમાં લખેલી કાવ્યની પંક્તિઓ યાદ કરવા લાગ્યો.

જ્યોતિન્દ્ર મહેતા, પાલઘર







# આત્મનિરીક્ષણ દ્વારા તમારા મનને સેનિટાઇજ઼ કરો - સંત રાજીન્દર સિંહજી મહારાજ

સંત રાજીન્દર સિંહજી મહારાજ ના પ્રમાણે આત્મનિરીક્ષણ એ આપણા માટે છીણીનું સાધન છે. જો આપણે માટીનું શિલ્પ છે, તો આત્મનિરીક્ષણ એ એક છીણી છે જેના દ્વારા આપણે આપણી રફ ધાર અને અપૂર્ણતાઓને સરળ બનાવી શકીએ છીએ જેથી ભગવાન આપણને બનાવવાનો ઈરાદો માસ્ટરપીસ બની શકે. અપૂર્ણતા ફક્ત સુંદરતા માટે જ નથી. અપૂર્ણતા એ ભૂલો છે જેનો ઉપયોગ મન આપણને ભગવાન તરફ પાછા ફરતા અટકાવવા માટે કરે છે. અપૂર્ણતા એ આપણીમાં રહેલી નબળાઈઓ છે જેમાં મન આત્મા ઉપર જીતે છે. ઉદાહરણ તરીકે, જો આપણી પાસે ગુસ્સોની અપૂર્ણતા હોય, તો મન તેના ફાયદા માટે કોઈની સાથે પણ જવાનું, કોઈને દુખ પહોંચાડે છે, અન્યાય કરે છે અથવા બદલો લેવાની ઈચ્છા રાખે છે તેના વિચારોમાં રોકાય છે. આ બધા વિચારો આપણા મગજમાં કબજે કરે છે અને તેને શાંત થવા દેતા નથી. સંત રાજીન્દર સિંહજી મહારાજ ના પ્રમાણે અહંકાર એ બીજી અપૂર્ણતા છે જેનો ઉપયોગ મન તેના ફાયદા માટે કરે છે. તે આપણને ભગવાન વિશે વિચાર કરવાને બદલે પોતાને વિશે ખૂબ વિચાર કરવા દે છે. અહંકાર આપણને એવું લાગે છે કે આપણે બુદ્ધિશાળી, સુંદર, સમૃદ્ધ, શક્તિશાળી અને હોશિયાર છીએ અને તેથી તે અન્ય લોકો કરતાં સારા છે. ભગવાન આપણને ભૂલી જાય છે. આપણે પણ વિચારીએ કે આપણને ભગવાનની જરૂર નથી. આપણે ભૂલીએ છીએ કે ભગવાન આપણી પાસે જે ઉપહાર છે તે આપનાર છે. જ્યારે આપણે ભગવાનને ભૂલીએ છીએ, ત્યારે મન આપણને પોતાના વિચારોથી ભરી દે છે. આપણે આપણી સંપત્તિ, આપણી સુંદરતા, આપણી બુદ્ધિ અને આપણી કુશળતા વિશે વધુ વિચારવાનું શરૂ કરીએ છીએ. ધ્યાનમાં મન સ્થિર કરવાને બદલે, આપણું મન તેના ઉપહારોના વિશાળ રાજ્ય વિશે વિચારે છે અને તેમના પર નિવાસ કરે છે. આપણે બીજાઓને દુખ પહોંચાડવાનું શરૂ કરી શકીએ છીએ, જેમની પાસે આપણી પાસે ઉપહાર નથી. તે પછી, આપણે ફક્ત આપણે કેટલા મહાન છીએ તે વિશે પણ વિચારવાનું શરૂ કરીએ છીએ, પરંતુ દરેક જણ કેટલું નજીવું છે. મન ખુશ છે કે તેણે આપણને વિચલિત કર્યું છે. જો આપણે આ અપૂર્ણતાને આત્મનિરીક્ષણની પ્રક્રિયા દ્વારા ઓળખીએ, તો આપણે અહંકારને દૂર કરી શકીએ અને નમ્રતા મેળવી શકીશું. જ્યારે આપણે જીવનમાં નમ્રતા પ્રાપ્ત કરીએ છીએ, ત્યારે આપણે ભગવાનને ભેટો મેળવવા માટે રાહ જોતા ખાલી કપ જેવા હોઈએ છીએ. તે પછી, પ્રકાશ આગળ વધશે અને આપણે આપણી જાગૃતિ લાઇટના પ્રદેશોમાં ફેરવી શકીશું. તેથી, અમને ભગવાનનો પ્રકાશ અને અવાજ સાથે જોડાણ હોવાની કૃપા પ્રાપ્ત થઈ શકે છે પરંતુ અમે આપણી આત્મનિરીક્ષણમાં સાવચેત રહેવાની અને જાગૃત રહેવાની જરૂર છે, જે આપણા મનની કોઈપણ અપૂર્ણતાને ધ્યાનમાં રાખી શકે છે.

# બનાસકાંઠા જિલ્લા પંચાયત પાલનપુર ખાતે જિલ્લા કક્ષાની ટ્રેનીંગ ઓફ ટ્રેનર્સ તાલીમ શિબિર યોજાઇ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરી, મહિલા શક્તિ કેન્દ્ર અને પૂર્ણા યોજનાના સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠા જિલ્લા પંચાયત સંભાખંડ, પાલનપુર ખાતે જિલ્લા કક્ષાની ટ્રેનીગ ઓફ ટ્રેનર્સ તાલીમ શિબિર જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ શિબિરમાં પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહિલા અને બાળ અધિકારીશ્રી, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી ઉપરાંત વિષય નિષ્ણાંત તરીકે આઇ.ટી.આઇ.ના પ્રિન્સીપાલ શ્રી મદરૂપભાઈ ચૌધરી, જિલ્લા કો-ઓડીનેટર- યુનિસેફ ક્રાય સંસ્થા- શ્રી ગૌતમભાઈ પંડયા, મહિલા કલ્યાણ અધિકારી સુશ્રી પતંજલિ પ્રજાપતિ, જિલ્લા નિરીક્ષકશ્રી નૈનેષભાઈ દવે, ડીવીઝનલ કો-ઑડીનેટર (ન્યુટ્રીશન ઇન્ટરનેશનલ)શ્રી ભરતભાઈ ગોઠી ઉપસ્થિત રહ્યા હતાં.

આ મહાનુભાવોએ તાલીમ શિબિરમાં હાજર રહેલ તાલીમાર્થીઓને અલગ અલગ વિષયો ઉપર માહિતીસભર જાણકારી આપી હતી. જેમાં મહિલા સક્તિકરણ, મહિલા અને બાળ વિભાગની યોજનાઓ આઈ.ટી.આઈ.માં ચાલતા અભ્યાસક્રમો, કૌશલ્ય વર્ધન કેન્દ્રોની કામગીરી તથા સમજ, કિશોરીઓમાં જોવા મળતો ડ્રોપ આઉટ રેશિયો, સમાજમાં દિકરીઓમાં માધ્યમિક શિક્ષણની સ્થિતિ જાતિગત ભેદભાવોની, કિશોરીઓ/મહિલાઓ પર થતી અસરો અને પિતૃપ્રધાન સમાજ, કિશોરીઓમાં કુપોષણ, કિશોરીલક્ષી વિવિધ કાયદાકીય સમજ (એન એનીમિયા અંગે સમજ નિવારણ જેવા વિષય આવરી લેવામાં આવ્યા હતાં. આ તાલીમ શિબિરના વિષયો જિલ્લાથી તાલુકા અને તાલુકાથી ગ્રામ્ય સ્તર સુધી પહોંચડવાના હેતુથી આ તાલીમમાં શિક્ષણ વિભાગના બી.આર.સી, આરોગ્ય વિભાગના સુપરવાઈઝરો અને આઈ.સી.ડી.એસ.ઘટકના સી.ડી.પી.ઓ તેમજ ઘટકદીઠ એક મુખ્ય સેવિકાને બોલાવવામાં આવ્યા હતા. આ ટ્રેનરો તૈયાર થઈને પોત પોતાના વિભાગમાં શિક્ષકો, આંગણવાડી કાર્યકર્તાઓ અને આશાવર્કરોને તાલીમ આપી ગામડાના છેવાડાના લોકો સુધી આ માહિતી પહોચાડશે. તાલીમમાં મહિલા અને બાળ અધિકારી કચેરીનો સ્ટાફ પૂર્ણ ઉપસ્થિત રહ્યો હતો. પૂર્ણા કન્સલટન્ટ શ્રી નિકુલસિંહ ઠાકોરે આભારવિધિ કરીને કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.





લીમખેડાના હસ્તેશ્વર મહાદેવ મંદિરના મહંત શ્રી ૧૦૮ નારાયણપુર જી મહારાજ બ્રહ્મલીન થયા છે સતાયુ વય ધરાવતા મહંત શ્રી ની આજે અંતિમયાત્રા નીકળી હતી ત્યારબાદ સમાધિ આપવામાં આવી હતી નારાયણ પુરી મહારાજ નો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન થતા અનેક લોકો પડી ભાંગ્યા હતા સંખ્યાબંધ લોકોએ મહંત શ્રી ૧૦૮ નારાયણ પુરી મહારાજ ને અશ્રુભીની વિદાય આપી હતી તસવીર અભેસિહ રાવલ દાહોદ

## આયોજક સામે કાર્યવાહી પોલીસે કરી તો પોલીસની બેદરકારી સામે જિલ્લા પોલીસ વડાની કાર્યવાહી

# થરાદના વડગામડામાં યોજાયેલ લોક ડાયરા માં સોસીયલ ડિસ્ટન અને માસ્કના ધજાગરા



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સરહદી થરાદ ના વડ ગામડા માં લોક ડાયરો યોજાયો જેમાં મોટી સંખ્યામાં માનવમેદની ઉમટી જ્યાં સોસીયલ ડિસ્ટન અને માસ્ક ના ધજગરા ઉડ્યા વનીતાપટેલ ,સુરેશ કાપડી ,ઈશ્વરદાન ગઠવી સહિત અન્ય કલાકરો જમાવટ કરી પણ ડાયરા માં કોવિડ ના નિયમો ભુલાય આયોજક ધનજી પટેલ એ આયોજિત કાર્યક્રમ હતો કોરોના સંક્રમણ ફેલાવવા માં કયાય પાછી પાની ન રહી જાય એવી બેદરકારી આવી સામે વગર મજૂરી એ કાર્યક્રમ કરી ખુશ થતા ધનજી પટેલ સામે આખરે પગલાં લેવામાં આવ્યા

ધનજી પટેલ એ મોટા ઉપાડે ગ્રામ પંચાયત ની મજૂરી લઈ કાર્યક્રમ કર્યો આમંત્રણ પત્રિકા માં રાજકીય આગેવાનો અને એ એસ પી પૂજા યાદવ નું લખાવ્યું નામ સમગ્ર ડાયરો યોજાઈ ગયો છતાં પોલીસ નિદ્રામાં સવારે વીડિયો વાયરલ થતા તંત્ર ઉંઘમાંથી જાગ્યું તંત્ર ધનજી પટેલ સહિત ૨૦ લોકો સામે નામ જોગ કાર્યવાહી કરી તો બીજી તરફ થરાદ TDO એ પણ ગ્રામ પંચાયત ને નોટિસ આપી ખુલાસો માંગ્યો કોરોના ના નિયમ હોવા છતાં મજૂરી આપતા ગ્રામપંચાયત ની પણ જવાબદારી કરાઈ નક્કી..

સોશિયલ મીડિયા માં વિડિઓ વાયરલ થતા થરાદ પોલીસ એક્શન માં આવી ૨૦ લોકો સામે ગુન્હો નોંધ્યો તો બીજી તરફ બનાસકાંઠા જીઁ એ પણ જવાબદાર પોલીસ સામે એક્શન લીધા એક પી.એસ આઈ અને બે પોલીસ કર્મી ને સસ્પેન્ડ કર્યા આમ બનાસકાંઠા પોલીસ સફાળી જાગી પણ ઘોડા તબેલા માંથી છૂટ્યા પછી સુ અર્થ વારંવાર આવી ઘટના જિલ્લામાં સામે આવી રહી છે છતાં તંત્ર ઘોર નિદ્રામાં જોવા મળી રહ્યું છે ક્યાં સુધી મીડિયા જગાડસે ક્યા સુધી તંત્ર નિદ્રામાં રહેશે આવા અનેક સવાલો હજુ પણ યથાવત છે

સસ્પેન્ડ પોલીસ કર્મીના નામ

૧. એમ એમ કુરેશી(પી એસ આઈ)

૨. અશોકભાઈ સદાભાઈ (હે.કો)

૩.વાહજી ભાઈ (હે.કો.)

# જૂનાગઢના સિંધી વેપારીને માસ્ક ન પહેરતા પોલીસ દ્વારા ઢોરમાર મારતા બાંટવા સિંધી સમાજમાં રોષ પ્રગટયો



જૂનાગઢ ના એક સિંધી વેપારી પરેશ છતવાનીને માસ્ક નહી પહેરેલું હોવાથી જૂનાગઢ સી.ડિવિઝન પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા દેવાભાઇ એ નરેશભાઇ ને દુકાનમાંથી ઉપાડી જઇ પોલીસ લોક અપ માં પૂરી દીધેલ અને બીજા દિવસે પોલીસ સ્ટેશન પાછળ લઈ જઇને પાઇપ અને ધોકાથી માર મારતા વેપારી ની હાલત નાજુક સ્થિતિ માં આવી ગઇ છે આ અંગે ની ફરિયાદ લખાવવા છતાં પોલીસતંત્ર તરફથી દેવાભાઇ સામે કોઇ જાતની કાર્યવાહી કરવાને બદલે ફરિયાદ ની સમાધાન કરવા દબાણ થઇ રહયું છે આ ઘટના પડઘા જૂનાગઢ જિલ્લા માં વસવાટ કરતાં સિંધી સમાજ ઉપર ઘેરા પડધા પડયા છે અને મામલતદાર ઓને આવેદનપત્રો આપવામાં આવી રહયા છે ત્યારે આજે બાંટવા સિંધી સમાજ દ્રારા પણ માણાવદર મામલતદાર ને આવેદનપત્ર પાઠવ્યું હતુ અને પોલીસ કર્મચારી ઉપર પગલાં ભરવા માંગ કરી હતી આ આવેદનપત્ર આપતી વેળાએ સમસ્ત સિંધી સમાજ બાંટવા ના રાજુભાઈ વાધવાણી, સુનીલભાઈ જેઠવાણી સહિતના બાંટવા સિંધી સમાજ ના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# કોંગ્રેસીઆ નવા કૃષિ બીલને ફાડી વિરોધ કરી રહી હતી ત્યાં પોલીસ કૃષિ બિલ કોંગ્રેસીઓ પાસેથી ઉઘરાવી લીધા



અરવલ્લી બ્યુરો મોડાસા

ખેડૂતો કૃષિ કાયદાના વિરોધમાં આંદોલન ચલાવી રહ્યા છે જેને એક મહિનો પુરો થવા જઈ રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે પણ સરકાર કાયદા પરત લેવા માટે તૈયાર નથી અને માત્ર સુધારા માટે વાતચીત પર અટકી છે. ત્યારે બીજી તરફ રોષે ભરાયેલા ખેડૂત નેતાઓએ સરકારને પડકાર ફેકતા કહ્યું છે કે તે આગની સાથે રમવાનું બંધ કરી દે અને કાયદા પરત લેવા પર અડગ છે કૃષિ કાયદાના મુદ્દે ભાજપ અને કોંગ્રેસ આમને સામને આવ્યાં છે કેમકે, ભાજપે રાજયભરમાં ખેડૂત સંમેલન ઉપરાંત ખાટલા બેઠકો યોજી ખેડૂતોને સમજાવવા પ્રયાસો કર્યા છે જયારે કોંગ્રેસે ખેડૂતો આંદોલનના સમર્થનમાં અને કૃષિ બીલ પરત લેવા ઉગ્ર માંગ સાથે વિરોધ પ્રદર્શન કરતા કાર્યક્રમો આપી રહી છે

અરવલ્લી જીલ્લા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ દિલ્હી સ્થીત આંદોલન પર બેઠેલા ખેડૂતોના સમર્થનમાં અને નવો કૃષિ કાયદો પરત લેવાની માંગ સાથે મોડાસા ચાર રસ્તા પર કૃષિ બિલ ફાડી વિરોધ નોંધાવ્યો હતો અને સરકાર સામે ઉગ્ર સુત્રોચાર કરતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરો પાસેથી નવા કૃષિ બીલની પરત ઉઘરાવી રહી હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા લોકોમાં રમૂજ ફેલાઈ હતી આખરે નવા કૃષિ બિલનો વિરોધ કરી રહેલા કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની અટકાયત કરી લીધી હતી

# સાબરકાંઠા જીલ્લા શિક્ષક માધ્યમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખનો નિવૃત્ત સન્માન સમારોહ કકરાઈ માતાજી મંદિરે યોજાયો



અરવલ્લી બ્યુરો મોડાસા

દધાલિયામાં આવેલા કકરાઇ માતાજીના મંદિર ખાતે શિક્ષકના નિવૃતિ સમારોહનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો શિક્ષણ સાથે સંકળાયેલા આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી. જેમાં સાબરકાંઠા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ,મંત્રી સહીત હોદ્દેદારો અને સમાજના અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા ફરજકાળ દરમિયાન જામળા હાઈસ્કૂલમાં શિક્ષણની જ્યોત જલાવનાર અને શિક્ષકોના પડતર પ્રશ્નો માટે હંમેશા સરકારમાં સુનિયોજીત રજુઆત કરી સમસ્યાનું નિરાકરણ લાવનાર નાનજીભાઈ પ્રણામીને શૈક્ષણીક આલમ સાથે સંકળાયેલ લોકોએ શુભેચ્છા પાઠવી હતી વય નિવૃત્તિ કાર્યક્રમમાં કોરોના મહામારીના પગલે સરકારી ગાઈડલાઈન અનુસાર સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કનો ફરજીયાત અમલવારી કરવામાં આવી હતી

મોડાસા તાલુકાના દધાલિયા ગામે શિક્ષક ના નિવૃત સમારોહ નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. કકરાઇ માતાજીના મંદિર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષક આગેવાનો શિક્ષણ સાથે સંકળાયેલા મહાનુભાવો તેમજ સમાજના આગેવાનો ઉપસ્થિત રહીને નિવૃત્ત થયેલા શિક્ષકનું સન્માન કરીને તેઓને વિદાય આપવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષણ સંઘના આગેવાનો રહી ચૂકેલા નાનજીભાઈ પ્રણામી શિક્ષણ માટે અનેક કાર્યો કર્યા છે આ સાથે જ શિક્ષકો ના વિવિધ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે પણ અથાગ મહેનત કરી હતી હવે તેઓ નિવૃત્ત થયા છે ત્યારે તેમની વિદાય માટેનો સાદગીપૂર્ણ નો કાર્યક્રમ પ્રક્રિયા માતાના મંદિર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. નિવૃત્તિનો સમયગાળો ખૂબ જ આનંદ મય નીવડે તે માટે પણ શિક્ષક મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# સમસ્ત જૈન સમાજ માટે Online જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સેટેલાઈટ અને સપ્તપદી ટ્રસ્ટ દ્વારા સમસ્ત જૈન સમાજ માટે Online જીવનસાથી પસંદગી સંમેલન તા. ૧૭/૦૧/૨૦૨૧ ને રવિવારે સવારે ૧૦ વાગયે Zoom Application ના માધ્યમથી યોજવામાં આવેલ છે , જેમાં જૈન સમાજ ના ચારેય ફિરકાના લગ્નોત્સુક યુવક-યુવતી, વિધુર-વિધવા, છુટાછેડાવાળા ઉમેદવારો ભાગ લઈ શકશે. જેમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તા. ૦૫ /૦૧/૨૦૨૧ છે .રજીસ્ટ્રેશન માટે ૫૫, ગ્રાઉન્ડ ફ્લોર, અજન્ટા કોમર્શીયલ સેન્ટર, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ (મો)૯૪૨૬૪૧૭૭૬૬ ખાતે બાયોડેટા અને પાસપોર્ટ સાઈઝનાં ફોટા સાથે સંપર્ક કરવા ટ્રસ્ટી મહેન્દ્ર મોદીએ એક અખબારીયાદીમાં જણાવ્યું છે.

## મોડાસામાં ડુંગળી લેવા પડાપડી, સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ

અરવલ્લી બ્યુરો મોડાસા

ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવ થોડા દિવસો અગાઉ કિલોએ ૬૦ થી ૮૦ રૂપિયાએ આંબી જતા ધીરે ધીરે થાળી માંથી ગાયબ થઇ ગઈ હતી પરંતુ છેલ્લા એક સપ્તાહમાં ડુંગળીના ભાવ ગગડીને તળિયે પહોંચી જતાં ખેડૂતો ને રાતે પાણીએ રોવાનો વારો આવ્યો છે.હાલ લીલી અને સૂકી ડુંગળીના ભાવ ગગડતા કિલોએ ૫ થી ૧૦ રૂપિયામાં પર પહોંચતા ખેડૂતોની હાલત દયનિય બની છે ત્યારે મોડાસા શહેરમાં શાકભાજી માર્કેટમાં સસ્તી ડુંગળી લેવા વેપારીઓએ અને ફેરિયાઓએ પડાપડી કરતો વિડીયો સોશ્યલ મીડિયામાં ભારે વાયરલ થયો છે ખેડૂત પાસેથી ૧૦ રૂપિયે ખરીદેલ ડુંગળી હજુ પણ મોડાસામાં ૪૦ રૂપિયા કિલો વેચાણ કરી ગ્રાહકો પાસેથી ઉઘાડી લૂંટ કરી રહ્યા છે અરવલ્લીના મોડાસામાં ડુંગળી લેવા માટે લોકોએ પડાપડી કરી હતી. મોડાસાના શાકભાજી માર્કેટમાં ડુંગળી ઓછા ભાવમાં મળતા પડાપડીના દ્રશ્યો સર્જાયા હતા. માત્ર ૧૦ રૂપિયા કિલો ભાવે ડુંગળી વેચાતા લોકોએ ડુંગળી ખરીદવા પડાપડી કરી હતી. ડુંગળી લેવા પડાપડી કરતા હોવાના દ્રશ્યો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ડુંગળીના ભાવોમાં ધરખમ ઘટાડો થતા લોકોએ ડુંગળી લેવા દોડ્યા હતા. મોડાસામાં ડુંગળી લેવા પડાપડી કરતો વિડીયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થઇ રહ્યો છે




સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ અને ગાંધીનગરના વિસ્તારમાં નિરાધાર,રસ્તે રઝળતા, તરછોડાયેલા, જે માંગીને ખાઈ રહેલા લોકોને આ શિયાળામાં કડકડતી ઠંડીમાં, જરૂરિયાતમંદ લોકોને ધાબળા (બ્લેક્રેટ),સ્વેટર, ટોપીનું આપવાનું અભિયાન. આજ ૨૨ ડીસેમ્બર ૨૦૨૦ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી અમારી ટીમ દ્વારા સિક્રેટ સાન્તા બની જે લોકોને કડકડતી ઠંડીમાં કંઈપણ ઓઢ્યા વગર સુતા હોય ત્યાં લોકોને જાણ કર્યા વગર કે કહ્યા વગર સિક્રેટ સાન્તા બની લોકોની જરૂરિયાત પૂરી કરવા સ્મિત ફાઉન્ડેશનની ટીમ નીકળી છે. સામાજિક અંતર જાળવીને ફૂલ નઈ તો ફુલની પાંખડી આપવા માટે અમારી સંસ્થા સ્મિત ફાઉન્ડેશન તરફ થી તમને આગ્રહ કરતો એક નાનકડો સંદેશ તમારી સમક્ષ રજુ કરીએ છીએ. તો આ અભિયાનમાં તમે પણ જોડાઈ શકો છો. અમારી સંસ્થાનો સંપર્ક ૯૮૨૪૫૩૩૦૧૯ કરી શકો છો. આવા નિરાધાર તથા જરૂરિયાતમંદ લોકો તમારી પ્રતીક્ષા કરી રહ્યા છે, બસ એક પહેલની જરૂર છે તે માટે તમારી જરૂર છે. આ અભિયાન ચલાવી રહ્યા છીએ તો ધાબળા (બ્લેક્રેટ),સ્વેટર, ટોપીનું વિતરણ કરવાનું ચાલી રહ્યું છે. તો બધાને લાભ આપી શકીએ તેવી આપ બધાને એક અરજ છે.

## ફોર્ચ્યુનર ગાડી ચોરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ

# અમદાવાદ બાપુનગરના સંજય ભદોરીયાને સ્વીફ્ટ કાર સાથે મોડાસા પોલીસે ઝડપ્યો




અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાત,ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાં ફોર્ચ્યુનર ગાડી ચોરતી આંતરરાજ્ય ગેંગના એક આરોપીને મોડાસા ટાઉન પોલીસે બાતમીના આધારે ચાર રસ્તા ખાતેથી સ્વીફ્ટ કાર સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો અમદાવાદ બાપુનગર નવલખો બંગલામાં રહેતો સંજય વિનોદસિંહ ભદોરિયા અન્ય લકઝુરિયસ કાર ચોરી કરતા ત્રણ શખ્શો સાથે ગુજરાત સહીત અન્ય રાજ્યોમાં ફોર્ચ્યુનર કારની ચોરી કરતા હતા સંજય ભદોરીયા મોડાસા શહેરના કલ્પતરૂ સોસાયટી માંથી પણ ફોર્ચ્યુનર કારની ચોરીનો મુખ્યસુત્રાધાર હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું ટાઉન પોલીસે આંતરરાજ્ય ગેંગના અન્ય ચોરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા મોડાસા ટાઉન પીઆઈ સી પી વાઘેલા અને તેમની ટીમે થોડા મહિના અગાઉ મોડાસામાંથી ફોર્ચ્યુનર ગાડી ચોરી કરનાર મુખ્યસૂત્રધાર સંજય વિનોદસીંહ ભદોરીયા સ્વીફ્ટ કારમાં મોડાસા ચાર રસ્તા થઇ રાજસ્થાન તરફ જવાનો હોવાની બાતમી મળતા ટાઉન પોલીસે તાબડતોડ મોડાસા ચાર રસ્તા પર નાકાબંધી કરી બાતમી આધારિત સ્વીફ્ટ કાર (ગાડી.નં-GJ 27 BS 4964) પસાર થતા કોર્ડન કરી અટકાવી સંજય ભદોરિયાની ધરપકડ કરી મોડાસા શહેરમાંથી ચોરી થયેલ ફોર્ચ્યુનર ગાડી ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો હતો મોડાસા શહેરમાં ફોર્ચ્યુનર ગાડી ચોરીની ઘટનામાં સંડોવાયેલ ઉત્તરપ્રદેશ આગ્રા નજીક ઉમરેઠા ગામના પ્રવિણસિંહ અજયપાલ ભદોરિયા તેમજ કાલુ નામનો અને અન્ય એક અજાણ્યો ગેંગના આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી કલ્પતરૂ સોસાયટીમાં ઘર નજીક પાર્ક કરેલી ફોર્ચ્યુનર ગાડી ગત રવિવારે રાત્રીના સમયે ચોર ટોળકી લઈ પલાયન થઈ જતા ઘર નજીક પાર્ક કરેલી ૨૫ લાખની એસયુવી ગાડી ચોરાતાં કાર માલિક સહીત મોડાસા શહેરમાં ભારે ચકચાર મચી આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરેલ ફોર્ચ્યુનર ગાડીની તપાસ હાથધરી હતી ફોર્ચ્યુનર ગાડીના માલિક નિર્મલ ચૌધરી અને તેમના મિત્રોએ ચોરી થયેલ ગાડીની શોધખોળમાં જોતરાઈ ગયા હતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના ત્રણ કર્મીઓ સાથે રાખી આખરે ૭ દિવસની ભારે શોધખોળ પછી ભરતપુર નજીક આવેલ યુપીની સરહદ પરથી ફોર્ચ્યુનર ગાડી બિનવારસી હાલતમાં શોધી કાઢી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.